ફોન નં.-૦૨૭૬૨-૨૨૨૬૦૨
D.S.O.- ૯૭૩૭૧૬૧૧૩૩

ક્રમાંક:જિરગઅ/ ૪૪૬૪-૪૫૬૪ /૨૦૧૮
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી,
બ્લોક નં.૧,ત્રીજો માળ,બહુમાળી ભવન,
રાજ મહેલ રોડ, મહેસાણા
તા. ૧૭-૧૧-૨૦૧૮

પ્રતિ,
જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી તમામ,
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી તમામ,
સિનિયર કોચશ્રી તમામ,
ગુજરાત રાજય

**વિષય :- ખેલ મહાકુંભ-૨૦૧૮ રાજયકક્ષાની વોલીબોલ (ભાઇઓ) તમામ વયજૂથ સ્પર્ધા કાર્યક્રમ**

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત રાજયકક્ષા વોલીબોલ (ભાઇઓ) સ્પર્ધાનું આયોજન સરદાર પટેલ રમત સંકુલ, પાંચોટ, તા. મહેસાણા ખાતે તા. ૩૦-૧૧-૨૦૧૮ થી તા. ૧૬-૧૨-૨૦૧૮ દરમ્યાન તમામ વયજૂથ (ભાઇઓ) ની સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે સ્પર્ધા નીચે મુજબ તારીખે અને સ્થળે યોજાનાર છે. જેથી આપના જિલ્લાના વિજેતા તથા સિલેકશન ટીમોની ઓનલાઇન KMK ID નંબર વાળી એન્ટ્રી તા. ૨૬/૧૧/૨૦૧૮ સુધીમાં **dsomehsana25@gmail.com** ઉપર મોકલી આપી ખેલાડીઓને જાણ કરવા વિનંતી છે.

**–: વોલીબોલ (ભાઇઓ) સ્પર્ધા કાર્યક્રમ :–**

- **સ્પર્ધા/રીપોટીંગ સ્થળ** :- **સરદાર પટેલ રમત સંકુલ, પાંચોટ, તા.જિ.મહેસાણા**
- **નિવાસ સ્થળ** :- **સિમંધર સ્વામીશ્રી જૈન મંદિર ધર્મશાળા, મોઢેરા ચાર રસ્તા, મહેસાણા**
- **સંપર્ક નંબર** :- **ખોડાજી ઠાકોર – ૯૭૧૪૩૯૬૬૩૫ – મીનળબા પરમાર-(પ્રા.યુ.વિ.અ.) ૯૪૦૯૬૦૫૨૯૭**
  **ભાવેશકુમાર ચૌધરી – ૯૪૨૬૩૪૯૭૭૦- પારૂલબેન પટેલ-(પ્રા.યુ.વિ.અ.) ૯૭૨૬૩૫૪૪૮૫**
  **કિરણસિંહ ચૌહાણ – ૯૭૧૪૯૮૦૮૬૦**

**અંડર – ૧૪ વિજેતા ટીમ (ભાઇઓ)**

| ક્રમ | વયજૂથ | રીપોટીંગ તારીખ | રીપોટીંગ સમય | સ્પર્ધાની તારીખ | સ્પર્ધાનો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | અંડર-૧૪ વિજેતા | ૩૦/૧૧/૨૦૧૮ | સાંજે ૫:૦૦ કલાકે | ૦૧/૧૨/૨૦૧૮ | સવારે ૮:૩૦ કલાકે |

**અંડર – ૧૪ પસંદગી ટીમ (ભાઇઓ)**

| ક્રમ | વયજૂથ | રીપોટીંગ તારીખ | રીપોટીંગ સમય | સ્પર્ધાની તારીખ | સ્પર્ધાનો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | અંડર-૧૪ પસંદગી | ૦૩/૧૨/૨૦૧૮ | સવારે ૧૧:૦૦ કલાકે | ૦૩/૧૨/૨૦૧૮ | સાંજે ૩:૩૦ કલાકે |

**અંડર – ૧૭ વિજેતા ટીમ (ભાઇઓ)**

| ક્રમ | વયજૂથ | રીપોટીંગ તારીખ | રીપોટીંગ સમય | સ્પર્ધાની તારીખ | સ્પર્ધાનો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | અંડર-૧૭ વિજેતા | ૦૬/૧૨/૨૦૧૮ | સવારે ૧૧:૦૦ કલાકે | ૦૬/૧૨/૨૦૧૮ | સાંજે ૩:૩૦ કલાકે |

**અંડર – ૧૭ પસંદગી ટીમ (ભાઇઓ)**

| ક્રમ | વયજૂથ | રીપોટીંગ તારીખ | રીપોટીંગ સમય | સ્પર્ધાની તારીખ | સ્પર્ધાનો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | અંડર-૧૭ પસંદગી | ૦૯/૧૨/૨૦૧૮ | સવારે ૧૧:૦૦ કલાકે | ૦૯/૧૨/૨૦૧૮ | સાંજે ૩:૩૦ કલાકે |

**ઓપનએજ ટીમ (ભાઇઓ)**

| ક્રમ | વયજૂથ | રીપોટીંગ તારીખ | રીપોટીંગ સમય | સ્પર્ધાની તારીખ | સ્પર્ધાનો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ઓપનએજ | ૧૨/૧૨/૨૦૧૮ | સવારે ૧૧:૦૦ કલાકે | ૧૨/૧૨/૨૦૧૮ | સાંજે ૩:૩૦ કલાકે |

**શિક્ષક ગૃપ (ભાઇઓ)**

| ક્રમ | વયજૂથ | રીપોટીંગ તારીખ | રીપોટીંગ સમય | સ્પર્ધાની તારીખ | સ્પર્ધાનો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | શિક્ષક ગૃપ | ૧૫/૧૨/૨૦૧૮ | સવારે ૧૧:૦૦ કલાકે | ૧૫/૧૨/૨૦૧૮ | સાંજે ૩:૩૦ કલાકે |

પાછળ.....................

## સ્પર્ધા અંગેની જરૂરી સુચનાઓ

૧. SGFI ના નિયમ મુજબ અં.૧૪,૧૭ ગૃપના ખેલાડીઓએ ફરજીયાત ૨૦ કોલમ સાથેનું એલીજીબીટી ફોર્મ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી-સિક્કા સાથેનું લાવવાનું રહેશે.ઓપનએજમાં ખેલમહાકુંભ એલીજીબીટી ફોર્મ સહી-સિક્કા સાથે લાવવાનું રહેશે.

૨. ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઇન રજીસ્ટ્રેશનની પહોંચ ફરજીયાત સાથે લાવવી. ઓનલાઇન આઇ.ડી.નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.

૩. ખેલાડીએ આધાર કાર્ડ/ફોટો આઇ.ડી.પ્રુફની ઝેરોક્ષ (ઓરીજીનલ સાથે) અને ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ અને રહેઠાણના પુરાવા સાથે લાવવાના રહેશે.

૪. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઇપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઇ કરવાની રહેશે.

૫. ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ સાથે ટીમના મેનેજરે જે તે ટીમના મેનેજરે ટીમની સાથે આવવાનું રહેશે.અને શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.

૬. પ્રવાસ ખર્ચ ટુંકામાં ટુંકા અંતરનું ભાગ પાડયા વગરનું સીધા રૂટનું અને સાદી એક્સપ્રેસ/રેલ્વે બીજા વર્ગનું ભાડું ચુકવવામાં આવશે.

૭. મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરીને આવવાનુ રહેશે. પ્રવાસ ખર્ચના નાણાં મેનેજરશ્રીના બેન્ક ખાતામાં કે ચેકથી ચુકવવામાં આવશે જેથી કેન્સલ ચેક તેમજ બેન્ક ખાતાની વિગત સાથે લઇને આવવાની રહેશે.

૮. શિક્ષક વિભાગમાં ભાગ લેવા આવનાર ખેલાડીની ઓનલાઇન UID સ્લીપમાં શિક્ષક દર્શાવેલ હોવુ જરૂરી છે. અને ફોટાવાળુ આઇ.ડી. પ્રુફ તેમજ જે તે શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા હોઇ તે શાળાના આચાર્યશ્રીનુ પ્રમાણપત્ર ફરજીયાત સાથે લાવવાનું રહેશે. અન્યથા ભાગ લેવા દેવામાં આવશે નહિ.

૯. ખેલાડીઓએ સ્પર્ધા અનુરૂપ ગણવેશ/કીટ સાથે લઇને આવવાનું રહેશે.

૧૦. પરિપત્રની એક નકલ ટીમ મેનેજરશ્રીને અચુક પણે આપવાની રહેશે.તથા એન્ટ્રીની ઓરીજીનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.

૧૧. જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે. અન્યથા નિવાસ/ભોજનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.

૧૨. ટીમ સાથે કોચ કમ મેનેજર તરીકે ૧ (એક) જ વ્યકિતને મોકલવાના રહેશે.

**નોંધ :- સરદાર પટેલ રમત સંકુલ, પંચોટ આવવા માટે દરેક ટીમોએ રાધનપુર ચાર રસ્તા, મહેસાણા ખાતે ઉતરવાનું રહેશે. ત્યાંથી ૫ કિ.મી.અંતરે પાંચોટ આવેલ છે.**



**જિલ્લા રમત ગમત અધિકારી**
**મહેસાણા**

**નકલ સવિનય રવાના :-**

૧. માન.સચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર

૨. માન.ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

૩. માન. કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર

૪. માન.કલેકટરશ્રી, મહેસાણા

૫. માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી,મહેસાણા

૬. માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા

૭. માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા

૮. માન.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા

૯. માન.નાયબ માહિતી નિયામકશ્રી, સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.

૧૦. માન.સિનિયર કોચશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, મહેસાણા મેદાન વ્યવસ્થા કરવા સારૂ.

૧૧. માન.નોડલ અધિકારીશ્રી, ખેલ મહાકુંભ-૨૦૧૮ રાજયકક્ષા વોલીબોલ(ભાઇઓ) સ્પર્ધા.

૧૨. માન.સેક્રેટરીશ્રી, ગુજરાત રાજય વોલીબોલ એશોસીએશન.